# ડેન નેટવર્ક્સ લિમિટેડનો આઈપીઓ ૨૮ ઓક્ટોબરથી ખુલશે પ્રાઈસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૧૯૫થી રૂ. ૨૦૫: ઈશ્યુ ૩૦મીએ બંધ થશે




અમદાવાદ,

ભારતની અગ્રણી કેબલ ડિસ્ટ્રીબ્યુશન કંપની ડેન નેટવર્ક્સ લિમિટેડ (ડેન) રૂ. ૧૦ની કિંમતનો એક એવા બે કરોડ ઈક્વિટી શેરોના પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) સાથે ૧૦૦ ટકા બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા મૂડી બજારમાં પ્રવેશી રહી છે. ઈશ્યુનો પ્રાઈસ બેન્ડ રૂ. ૧૯૫થી રૂ. ૨૦૫ નક્કી કરવામાં આવ્યો છે. ઈશ્યુ ૨૮ ઓક્ટોબર ૨૦૦૯નાં રોજ ખુલશે અને ૩૦ ઓક્ટોબરના રોજ બંધ થશે. બે કરોડ ઈક્વિટી શેરોમાંથી જાહેર જનતાને ૧૯,૭૫૦,૦૦૦ ઈક્વિટી શેરો ઓફર કરવામાં આવશે. આ ઉપરાંત બીજા ૨.૫ લાખ ઈક્વિટી શેરો માન્ય કર્મચારીઓ (ધ એમ્પલોઈ રિઝર્વેશન પોર્શન)ના સબસ્ક્રિપ્શન માટે અનામત રાખવામાં આવશે. ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ (ક્યુઆઈબી)ને ૬૦ ટકા શેરો ફાળવવામાં આવશે, જેમાંથી ૩૦ ટકા હિસ્સો એન્કર ઈન્વેસ્ટર્સનો છે. એચએનઆઈને ૧૦ ટકા અને રિટેલ ઈન્વેસ્ટર્સને ૩૦ ટકા શેરો ફાળવવામાં આવશે.

આઈપીઓમાંથી મળનારા ભંડોળનો ઉપયોગ કંપનીના કેબલ ટેલિવિઝન અને બ્રોડબેન્ડ ઈન્ફાસ્ટ્રક્ચર અને સેવાઓ વિકસાવવામાં થશે. આ ઉપરાંત કન્ટેન્ટ અને બ્રોડકાસ્ટ રાઈટ્સ ખરીદવા તથા સામાન્ય કોર્પોરેટ હેતુ માટે પણ આ ફન્ડનો ઉપયોગ કરવામાં આવશે. આ ઈશ્યુમાં કંપનીની આઈપીઓ પછીની ૧૫.૬ ટકા પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીનો સમાવેશ થાય છે, જ્યારે નેટ ઈશ્યુ આઈપીઓ પછીની પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીના ૧૪.૯૭ ટકાનો હશે.

સમીર માનચંદા દ્વારા પ્રમોટ કરવામાં આવેલી ડેન નેટવર્ક્સ લિમિટેડ દેશની અગ્રણી કેબલ ટેલિવિઝન કંપનીઓમાં સ્થાન પામે છે, જે સમગ્ર ભારતમાં એક કરોડથી વધુ ગ્રાહકો ધરાવે છે . જુલાઈ ૨૦૦૭માં સ્થાપિત ડેન નેટવર્ક્સ લિમિટેડે દેશના ૭૭ શહેરોમાં તેની સેવાઓનું વિસ્તરણ કર્યું છે અને હાલમાં તે ત્રણ લાખ ડિજિટલ કેબલ ટેલિવિઝન ગ્રાહકો ધરાવે છે. કંપનીએ સ્થાપના થઈ ત્યારથી દેશભરમાં ૬૨ સ્થાપિત એમએસઓનું સફળતાપૂર્વક એક્વિઝિશન અને ઈન્ટીગ્રેશન કર્યું છે. ડેન હાલમાં રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક, હરિયાણા, મધ્યપ્રદેશ અને કેરળમાં કેબલ ટેલિવિઝન સેવા પૂરી પાડે છે. તેણે ઓલ ઈન્ડિયા આઈએસપી લાઈસન્સ મેળવ્યું છે અને તાજેતરમાં જ મર્યાદિત પ્રમાણમાં બ્રોડબેન્ડ ઈન્ટરનેટ સર્વિસ શરૂ કરી છે. કંપનીના ડીઆરએચપી દ્વારા ઓફર થનારા ઈક્વિટી શેરોનું બીએસઈ અને એનએસઈ પર લિસ્ટિંગ થશે.